આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૫ | ૧૮ નવેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


જૂનું એટલું બધું જ સોનું નથી, અને નવું એટલું બધું જ કથીર નથી.. આ વાત દિલથી સમજાય તો જૂની નવી પેઢી વચ્ચેનું અંતર ઘટે

- એસ. ભટ્ટાચાર્ય

# જિલ્લામાં વસતિ વૃદ્ધિનો દર સૌથી નીચો

## ગાંધીનગર તાલુકો એકમાત્ર તાલુકો એવા છે જ્યાં ગ્રામ્ય કરતાં શહેરી વિસ્તારમાં વધુ વસ્તી નોંધાઈ : જિલ્લામાં સૌથી વધુ નિરક્ષર ગાંધીનગરમાં; વસ્તી વૃદ્ધિના દરમાં સ્ત્રીઓ ૪.૯ ટકા અને પુરૂષો ૩.૭ ટકાનો દર નોંધાયો : ગાંધીનગર અને કલોલના ગ્રામ્ય વિસ્તારમાં માઈનસ વધારો નોંધાયો; ખેડૂતો અને ખેત મજૂરોની સંખ્યામાં પણ ઘટાડો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં એક સદી બાદ વસ્તી વધારાનો વૃદ્ધિદર પાંચ ટકાથી પણ નીચો નોંધાયો છે. ૨૦૧૧ માં થયેલ વસ્તી ગણતરીના પરિણામોમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે. ૨૦૦૧ થી ૨૦૧૧ દરમ્યાન જિલ્લામાં ૪.૨૯ ટકા વસ્તી વધારો નોંધાયો છે. જે વિતેલા દસક કરતાં ૧૯.૫૫ ટકાનો ઘટાડો દર્શાવે છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૯૧૧ માં થયેલ વસ્તી ગણતરી દરમ્યાન જિલ્લામાં વસ્તી વધારાનો દર ૧.૩૮ ટકા હતો. જે ૧૯૨૧ માં વધીને ૭.૬૩ ટકા થયો હતો. આ પછી વસ્તી વધારાનો દર વધતો રહ્યો હતો. ૧૯૭૧માં જિલ્લામાં સૌથી વધુ વસ્તી વધારો નોંધાયો હતો. જે ૩૩.૪૪ ટકા હતો. આ પાછળનું મુખ્ય કારણ પાટનગર ગાંધીનગર જ રહેશે તેવી સરકારે કરેલી જાહેરાત પણ મહત્વનું પરિબળ લેખવામાં આવે છે.

આ પછી ૧૯૮૧ માં થયેલી વસ્તી ગણતરીમાં વસ્તી વધારામાં ૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૯.૧૪ ટકા થયો હતો. ૧૯૯૧માં પુનઃ વસ્તી વધારાનો દર ઘટ્યો હતો. આ વખતે પાંચ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો અને તે ઘટીને ૨૪.૪૯ ટકા થયો હતો. ૨૦૦૧ માં ૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો અને વસ્તી વધારાનો દર ઘટીને ૨૩.૮૬ ટકા થયો હતો.

ગાંધીનગર જિલ્લામાં આજે ૫૬.૮૦ ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં રહે છે તો ૪૩.૨૦ ટકા વસ્તુ શહેરી વિસ્તારમાં વસે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ગુણોત્સવ માટે ગાંધીનગરમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૭

આગામી ૨૦થી ૨૨ દરમ્યાન યોજાનાર ગુણોત્સવના કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ગાંધીનગર જિલ્લામાં ભાગ લેનાર છે.

પાંચમા ગુણોત્સવ દરમ્યાન બીજા દિવસે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ જિલ્લામાં જોડાશે. મુખ્યમંત્રીશ્રીના સંભવિત પ્રવાસને લઈ શિક્ષણ તંત્રમાં ભારે દોડધામ મચી જવા પામી છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ઉપરાંત બે મંત્રીઓ પણ જોડાવાના છે. આ ઉપરાંત સનદી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ જોડાનાર છે.

ગુણોત્સવ માટે તંત્ર દ્વારા આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## બોર્ડ-નિગમોમાં વધુ નિમણુંકો આજ-કાલમાં

### આઠ અધ્યક્ષો સહિત ડીરેક્ટરોની નિમણુંકનો તખ્તો તૈયાર

ગાંધીનગર, તા. ૧૭

પાંચ બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંકો કરવામાં આવ્યા બાદ હવે વધુ આઠ જેટલા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો આજ કાલમાં કરવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

રાજ્યમંત્રીમંડળના વિસ્તરણ પૂર્વે રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-નિગમોમાં ચેરમેનો અને ડિરેક્ટરોની નિમણુંકો કરવાની પ્રક્રિયા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. ગયા સપ્તાહે પાંચ બોર્ડ નિગમોમાં ચેરમેન ઉપાધ્યક્ષોની નિમણુંકો કરવામાં આવી હતી.

ગત સરકારમાં જે બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંકો કરવામાં આવી હતી અને ત્રણ વર્ષની મુદત પુરી થઈ ગઈ છે તેવા ચેરમેનોએ પોતાના હોદ્દા પરથી સરકારના આદેશના પગલે રાજીનામા આપી દીધા હોવાનું જાણવા મળે છે.

રાજયમંત્રીમંડળના વિસ્તરણની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે મંત્રીમંડળના વિસ્તરણ પૂર્વે રાજ્ય સરકારે હવે વધુ પાંચથી આઠ જેટલા બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો માટેનો તખ્તો ગોઠવી કાઢ્યો છે. જો કે હાલ બીજા રાઉન્ડમાં નાના બોર્ડનિગમોમાં જ ચેરમેન ઉપાધ્યક્ષોની નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આગામી એક બે દિવસમાં જ વધુ પાંચ થી આઠ જેટલા બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંકો કરવામાં આવ્યા બાદ રાજ્યમંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવશે. મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યા બાદ રાજ્યના મહત્વના એવા મોટા બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંકો માટેનો ગંજીપો ચીપવામાં આવશે અને નારાજ ધારાસભ્યો આગેવાનોને આવા મહત્વના બોર્ડ-નિગમોમાં ચેરમેન ઉપાધ્યક્ષ તરીકે નિમણુંકો કરીને અસંતોષને ઠારવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.




સૂર્યમુખી - પ્રકૃતિની લીલા અપરંપાર હોય છે... સૂર્યોદયની સાથે જ ક્રમશઃ ખીલતું આ સૂર્યમુખીનું પુષ્પ શિયાળાની ભવ્યતાને વધુ ભવ્ય બનાવે છે... કૂણા-કૂણા કિરણોની હૂંફથી સૂર્યની ગતિ સાથે તાલ મિલાવી ખુલતું અને ખિલતું સૂર્યમુખીના પુષ્પને લાગણીપૂર્વક નિહાળવાનો અવસર મનનો ઉત્સવ બની જાય છે... ગાંધીનગર શહેરનું સદ્‌ભાગ્ય છે કે સૂર્યમુખીના પુષ્પો જોવાનો લ્હાવો સંખ્યાબંધ નગરજનોને પ્રાપ્ત થાય છે...






# આવતીકાલે મંત્રીમંડળનું વિસ્તરણ

## બે કેબિનેટ અને પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓનો સપથવિધિ રાજભવનમાં યોજાશે : આજે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ખાતે આવતીકાલે ભાજપ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની એક મહત્વની બેઠક રાખવામાં આવી છે અને આ સપ્તાહમાં જ એટલે કે ૧૯-૨૦ની આસપાસ રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સાંજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની એક મહત્વની બેઠક રાખવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ તા. ૧૯ અથવા ૨૦મીએ કરવામાં આવનાર હોય આ વિસ્તરણમાં કોઈનો સમાવેશ ન થાય તો ધારાસભ્યોમાં અસંતોષ ઉભો ન થાય તે માટે વિસ્તરણ પૂર્વે જ ધારાસભ્યોને યોગ્ય માર્ગદર્શન આપવા અને પાર્ટીમાં જ યોગ્ય રજુઆત કરવા માટેનું માર્ગદર્શન આવતીકાલે મળનારી બેઠકમાં આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ મંત્રીમંડળમાં ૬ સંસદીય સચિવોની નિમણુંકો કરવામાં આવી હતી તેમાં કચ્છને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હોઈ મંત્રીમંડળના વિસ્તરણમાં હવે કચ્છને પ્રતિનિધિત્વ આપવામાં ન આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મધ્ય ગુજરાતને કોઈ જ પ્રતિનિધિત્વ અપાયું ન હોઈ વિસ્તરણમાં આ વખતે મધ્ય ગુજરાતને પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ કરીને બે કેબીનેટ મંત્રીઓ અને પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. સાથો સાથ વિસ્તરણ બાદ મંત્રીઓના ખાતાઓની ફાળવણીમાં પણ ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી પુરી શક્યતાઓ છે.





### મંગુભાઈ પટેલ, જશા બારડ, હીરાભાઈ સોલંકી નામો મોખરે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમંત્રીમંડળનું વિસ્તરણ થનાર છે ત્યારે મંત્રીમંડળમાં કોનો સમાવેશ કરાશે એને લઈને અનેક નામોની અટકળો વહેતી થવા પામી છે.

રાજ્યમંત્રી મંડળનું ૧૯મીના રોજ વિસ્તરણ કરવામાં આવનાર છે. વિસ્તરણમાં બે કેબીનેટ અને ત્રણ થી ચાર રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીમંડળમાં કેબીનેટ મંત્રી તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલનું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે, જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જશાભાઈ બારડના નામોની ચર્ચા થઈ રહી છે.

આ ઉપરાંત મધ્ય ગુજરાતમાંથી બે સભ્યોનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

### મંગુભાઈને મંત્રી બનાવાશે તો વિધાનસભાનું ઉપાધ્યક્ષ પદ ખાલી પડશે


ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલનો મંત્રીમંડળમાં સમાવેશ થાય તેવી પૂરી શકયતા હોઈ આ પદ ફરી ખાલી પડે તેવી સંભાવના છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમંત્રી મંત્રીમંડળનું ૧૯મીએ વિસ્તરણ કરવામાં આવે તેવી શકયતા છે. મંત્રી મંડળમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલનો સમાવેશ કરાશે અને તેમનું નામ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે.

જો મંગુભાઈનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવે તો તેઓએ વિધાનસભાના ઉપાધ્યક્ષપદેથી રાજીનામું આપવું પડે અને આ પદ ફરી ખાલી પડશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો આ પદ ખાલી પડે તો મંત્રીમંડળના વિસ્તરણ બાદ વિધાનસભાના ઉપાધ્યક્ષ પદે કોઈ અન્ય નવા યુવા ચહેરાની પસંદગી કરીને નિમણુંક કરવામાં આવે તેવી શકયતા છે.


ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧


# શાહપુર ચોકડી પાસે સરકારી કાર સળગી ઉઠી

## સરદાર સરોવર નિગમના ચીફ મેનેજરને ઘરે મુકી પરત ફરતા આગ લાગી : ડ્રાઈવરનો આબાદ બચાવ : કાર બળીને ભસ્મીભૂત

ગાંધીનગર, તા.૧૭

સરકારી કચેરીનો સમય પૂર્ણ થયા બાદ સદાર સરોવર નર્મદા નિગમના ચીફ ઓફિસરને સરકારી કારમાં પરત મુકીને ફરતા તેમની કારમાં અચાનક આગ લાગતા કાર બળીને ભસ્મીભૂત થઈ જવા પામી છે.

મળતી માહિતી મુજબ સાંજના સમયે કચેરીનો સમય પૂર્ણ થયા બાદ ડ્રાવયર બી.એસ. ઠાકોર સરકારી કાર મારુતી એસ.એક્ષ.-૪ નંબર જીજે-૧૮-જી ૨૭૮૧ લઈને સરદાર સરોવર નર્મદા નિગમના ચીફ મેનેજરને ઘરે મુકીને પરત આવતો હતો ત્યારે શાહપુર ચોકડી પાસે આવતા કારમાં અચાનક આગ લાગી હતી. ડ્રાઈવર બી.એસ. ઠાકોરે સમય સુચકતા વાપરી કારની બહાર ઉતરી ગયા હતા અને તુરંત ફાયર બ્રિગેડને ફોન કર્યો હતો. સરકારી કારને આગ લાગી છે તેવો સંદેશો મળતા જ ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પુષ્કળ પ્રમાણમાં પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગમાં કાર સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ જવા પામી છે. આગનું કારણ શોર્ટ સર્કીટ કે પેટ્રોલ લીકેજ હોય તેવું માનવામાં આવી રહ્યું છે.



